ક્રમાંક: વિક/ પંચાયત/ યુ.૧/ વશી/ ૨૦૨૩/

વિકાસ કમિશનરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં.૧૬/૨, ગાંધીનગર
તા.૧૯/૦૪/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
તમામ

વિષય:- ગ્રામ વિકાસ અને પંચાયત વિભાગ માટે એગ્રીમીડીયા એપના ઉપયોગ બાબત.
સંદર્ભ :- ડીજીટલ એગ્રીમિડીયા, ગાંધીનગરનો તા. ૨૪/૦૩/૨૦૨૩ તથા તા.૧૭/૦૪/૨૦૨૩નો પત્ર.

ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગામ અને ગ્રામજનોને ખુબ જ ઉપયોગી બની રહે તે માટે એગ્રીમિડીયા એપ હવે એન્ડ્રોઇડ તેમજ આઇફોન બન્ને પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ છે. આ માટે ડીજીટલ એગ્રીમિડીયા સંસ્થા પ્રિન્ટ, ટેલીવીઝન અને ઇલેકટ્રોનીક મિડીયા માટે કામગીરી કરે છે. (નકલ સામેલ છે.) જેમાં ગ્રામજનોને પડતી નીચે મુજબની મુશ્કેલીઓનું સમાધાન આપવામાં આવેલ છે. જે ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષામાં વિના મૂલ્યે ઉપલબ્ધ છે.

૧. વિડીયો વિભાગ :- ગ્રામજનો અને કૃષિકારોના અભ્યાસ માટે પ્રાકૃતિક ખેતી, ટેકનોલોજી, ગ્રામવિકાસ, સરકારી યોજોનાઓ, સફળ ગાથા કૃષિ, બાગાયત, પશુપાલન વગેરે.

૨. સમસ્યા - સમાધાન :- ઘર બેઠા અને ગામ બેઠા કોઇપણ ખર્ચ વગર સમસ્યાઓનું સમાધાન.

૩. ઓનલાઇન ખરીદ વેચાણ પ્લેટફોર્મ :- વિના મુલ્યે મોબાઇલ પર કોઇપણ વસ્તુઓનું વેચાણ કરી વધારે આવક મેળવો.

૪. બજારભાવ :- રાજયના કોઇપણ માર્કેટ યાર્ડના ભાવ ઘર બેઠા ગ્રાફીકસથી ઓનલાઇન જુવો.

૫. સમાચાર :- ગ્રામીણ ક્ષેત્રે રોજ બરોજની નવીન જાણકારી અંગેના સમાચાર.

૬. ડીજીટલ લાઈબ્રેરી :- ઈ-પ્લેટફોર્મ તરીકે ડીજીટલ લાઈબ્રેરીમાં વિના મુલ્યે મેગેઝીનો અને ઈ-બુક વાંચો.

૭. ફોનબુક :- લોકોની સરળતા માટે જિલ્લાની મહત્વની કચેરીઓનાં નામ, સરનામાં, સંપર્ક નંબર અંગેની માહિતી.

૮. એગ્રી કેલ્કયુલેટર :- ડબલ ઈનકમ કરવા માટે ખર્ચ ઘટાડો અને તે માટે એગ્રી કેલ્કયુલેટર વાપરો.

૯. હવામાન :- રોજ બરોજના હવામાનની જાણકારી મેળવ્યા બાદ કાર્યો કરવાનું આયોજન કરો.

૧૦. કિસાન મોલ :- બિયારણ, ખાતર અને દવા ખરીદવા માટે ઓનલાઇન કિસાન મોલનો ઉપયોગ કરો.

૧૧. ઉપયોગી લિન્ક :- ગુજરાત સરકારના તમામ વિભાગોની સહાય યોજનાઓનો લાભ ઓનલાઇન મેળવો.

૧૨. રોજગાર :- ગ્રામીણ પ્રજાઓની રોજગારીની તકમાં વધારો કરી યુવાનોને રોજગારીમાં ઉપયોગી.

૧૩. કોયડો- ઉકેલ :- કૃષિ અને સામાન્ય જ્ઞાનમાં વધારો અને સ્વ-મૂલ્યાંકન કરવાનું ઉત્તમ માધ્યમ.

એગ્રીમીડીયા ટીવી એપ પંચાયત અને ગ્રામવિકાસ સાથે સંકળાયેલા તમામ લોકો માટે આધુનિક ડીજીટલ પ્લેટફોર્મ છે. જેમાં પંચાયત અને ગ્રામવિકાસ દ્વારા કરવામાં આવતી ગ્રામસભાઓ, પ્રદર્શનો, મેળાઓ, વિકાસ માટેના કાર્યક્રમમો તથા ડીજીટલ મીડીયા તેમજ વેબસાઇટ ઉપર ઉપયોગી રહેશે.

એગ્રીમિડીયા એપ ગ્રામજનો સાથે ગ્રામવિકાસ તેમજ જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ લોકોને ઉપયોગી થવા માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગ્રામ પંચાયત મંત્રી, વી.સી.ઈ, ગ્રામ સેવક તથા અન્યના નામ અને મોબાઇલ નંબરની વિગતો તેમજ જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતના તમામ પદાધિકારીશ્રીઓના નામ એકસલ સીટમાં ડીજીટલ એગ્રીમીડીયાને **digital.agrimedia@gmail.com,** પર સત્વરે મોકલી આપશો.

બિડાણ :- ઉપર મુજબ.

વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના:-
ડીજીટલ એગ્રીમિડીયા, ૪૧૪, વ્હાઇટ હાઉસ, ચ-૩ પાસે, સેકટર-૧૧, ગાંધીનગર તરફ જાણ સારૂ.